જામટાવર સામે, રાજકોટ.
તા. ૧૧-૦૭-૨૦૧૮.

7960
11 JUL 2018

વિષયઃ– <u>ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણી બાબતે સમિતિની રચના અંગે.</u>
વંચાણઃ– સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૦૬/૦૭/૨૦૧૮ ના પત્ર ક્રમાંકઃ MIS/65/2018/F-II (પાર્ટ ફાઈલ)

<u>હુકમ</u> :–

સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૦૬/૦૭/૨૦૧૮ ના ઠરાવ નં.MIS/65/2018/F-II (પાર્ટ ફાઈલ) થી ચાલુ વર્ષે (વર્ષઃ ૨૦૧૮) મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમીયોપેથીક અને નેચરોપેથી પ્રવેશ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા.૪/૫/૨૦૧૮ ના સુધારા પ્રવેશ નિયમો અન્વયે જે વિદ્યાર્થી ગુજરાત રાજયનો ડોમીસાઈલ હોય તેને પ્રવેશ આપવા સંદર્ભે પ્રવેશ સમીતી ખાતે અરજી કરેલ વિદ્યાર્થીઓના ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણીની કામગીરી કરવા માટે સમીતીની રચના કરવાની થાય છે. આથી ઠરાવમાં દર્શાવેલ વિગતેના માળખા મુજબ નીચે જણાવ્યા મુજબની રાજકોટ જિલ્લા માટે સમીતીની રચના કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીનો હોદ્દો | હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી, રાજકોટ શહેર–૨, રાજકોટ. | અધ્યક્ષ |
| ૨ | શ્રી કે.પી.ડાંગર, આસી.પ્રોફેસરશ્રી, એ.સી.પી.યુ.જી.એમ.ઈ.સી. કોર કમીટી દ્વારા નિયુકત પ્રવેશ સમીતીના અધિકારી | નોડલ અધિકારી |
| ૩ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ. | સભ્ય |
| ૪ | ચીટનીશ ટુ કલેકટરશ્રી, કલેકટર કચેરી, રાજકોટ. | સભ્ય |

આ હુકમથી રચવામાં આવેલ સમીતીએ વંચાણ–૧ માં દર્શાવેલ સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના ઠરાવ મુજબની સુચના અનુસાર ચકાસણીની કાર્યવાહી તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં અચુક પુર્ણ કરી VEREFIED FINAL યાદી તૈયાર કરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમીટીને રજુ કરવાની રહેશે.

(ડો.રાહુલ ગુપ્તા)
જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

<u>નકલ રવાના</u> :–
૧) ડીનશ્રી, પી.ડી.યુ.મેડીકલ કોલેજ, રાજકોટ. – ક્રમ નં. ૫ ની નકલ મોકલેલ છે.
૨) પ્રાંત અધિકારીશ્રી, રાજકોટ શહેર–૨, રાજકોટ.
૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ.
૪) ચીટનીશ ટુ કલેકટરશ્રી, કલેકટર કચેરી, રાજકોટ.
૫) શ્રી કે.પી.ડાંગર, આસી.પ્રોફેસરશ્રી, રાજકોટ.

<u>નકલ સવિનય રવાના</u> :–
૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૨) ઉપ સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર.